15

અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગને વયમર્યાદામાં છૂટછાટનો લાભ આપવા બાબત

ગુ. પ. સે. પ. બોર્ડ
અમદાવાદ
ઈનવર્ડ........
દફતર....... 2 JUN 2016
તારીખ........

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ-સીઆરઆર/૧૧/૨૦૧૬/૨૮૨૩૨૩/ગ.પ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૧૭/૦૫/૨૦૧૬.

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો સન ૨૦૧૬નો ગુજરાત વટહુકમ ક્રમાંક : ૧, તા.૧-૫-૨૦૧૬.

(૨) સામાન્ય વહીવટ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ-જીએસ/૩૭/૨૦૧૬/ સીઆરઆર-૧૧-૨૦૧૬-૨૮૨૩૨૩-ગ.પ, તા૧૭/૦૫/૨૦૧૬

(૩) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંકઃ-સશપ/ ૧૨૨૦૧૬/૨૭૧૪૩૬/અ, તા.૬/૫/૨૦૧૬.

ઠરાવઃ-

વંચાણે લીધેલ ક્રમાંક-(૧) અન્વયે રાજ્યની તમામ ભરતી પ્રક્રિયામાં બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગને રાજ્યના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોને લાગુ પડે છે તે મુજબ રાજ્ય હેઠળની સેવાઓ અને જગાઓ પરની નિમણૂંકોમાં અનામતનું ધોરણ દસ ટકા રાખવાનું ઠરાવવામાં આવેલ છે. આ વટહુકમ અન્વયે સામાન્ય વહીવટ વિભાગના વંચાણમાં લીધેલ ક્રમાંક-(૨) તા ૧૭/૫/૨૦૧૬ ના જાહેરનામાથી ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ-૨ હેઠળ પેટા નિયમ (i-a) નવો ઉમેરવામાં આવેલ છે જયારે નિયમ-૮(૨), તથા નિયમ-૮(૫-ક) (૩) માં સુધારો કરી રાજ્યની તમામ ભરતી પ્રક્રિયામાં બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને સીધીભરતી માટેની મહત્તમ વય-મર્યાદામાં પાંચ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે તેવી જોગવાઇ કરવામાં આવેલ છે.



2 JUN 2016

આ જાહેરનામાની જોગવાઇ અન્વયે નીચે મુજબની સ્પષ્ટતા કરવામાં આવે છે.

(૧) બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગોને રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓમાં બેઠકો અને રાજ્ય હેઠળની સેવાઓમાં નિમણુકો અને જગાઓમાં અનામત રાખવા માટેની અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટેની જોગવાઇ કરવા અંગેના ગુજરાત વટહુકમ ક્રમાંક : ૧, ૨૦૧૬ ની કલમ ૬ હેઠળની જોગવાઇ સંતોષતા બિન-અનામત વર્ગની વ્યક્તિઓથી બનતા સમાજના એવા તમામ વર્ગોનો સમાવેશ બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગોમાં થશે.

(૨) જે તે જગ્યાના ભરતી નિયમોમાં ઠરાવેલ લાયકાતોમાં વયમર્યાદા અંગેની લાયકાતનો સમાવેશ થતો હોય ત્યારે નિમણૂક સત્તાધિકારી ઠરાવવામાં આવેલ સીધી ભરતી માટેની ઉપલી વયમર્યાદામાં બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગોને ૪૫ (પીસ્તાળીસ) વર્ષથી વધે નહીં તે રીતે ૫(પાંચ) વર્ષ સુધી વય મર્યાદા હળવી કરી શકશે.

(૩) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ-૮(૫-ક)(૩) મુજબ સીધી ભરતી માટેની ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છૂટછાટ બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોને મળવાપાત્ર છૂટછાટ ઉપરાંતની ગણવાની રહેશે.

જે જગ્યાના ભરતી નિયમો એક્ટ હેઠળ બનાવવામાં આવેલ હોય તેવી જગ્યાના ભરતી નિયમોમાં યોગ્ય સુધારા કરવા અંગેની દરખાસ્તો જે તે વિભાગે તાત્કાલિક સામાન્ય વહીવટ વિભાગને રજુ કરવા આથી સૂચના આપવામાં આવે છે

ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૯૮માં યોગ્ય સુધારા કરવા અંગેની દરખાસ્ત પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગે તાત્કાલિક સામાન્ય વહીવટ વિભાગને રજુ કરવા પણ આથી સૂચના આપવામાં આવે છે

૧૫

આ વિભાગના તા.૧૭/૫/૨૦૧૬ ના જાહેરનામા ક્રમાંકઃ- જીએસ/૩૭/૨૦૧૬/ સીઆરઆર-૧૧-૨૦૧૬-૨૮૨૩૨૩-ગ.૫ થી બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગને વયમર્યાદામાં છૂટછાટનો લાભ આપવા બાબતનો કરવામાં આવેલ સુધારો, જે સંવર્ગની ભરતીની જાહેરાત આવી ગઇ હોય પરંતુ અરજી સ્વીકારવાની તારીખ વિતી ગયેલ ન હોય તેવી ભરતીને લાગુ પડશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સહી)

(એમ.એમ.પટેલ)
સેકશન અધિકારી,
સામાન્ય વહીવટ વિભાગ

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના સચિવશ્રી
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રઅચિવશ્રી
- સર્વે માન.મંત્રીશ્રીઓ / માન.રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
- સચિવશ્રી, ગુજરાત વિધાન સભા, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત સીવીલ સર્વિસીસ ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગો ખાતાના વડાને જરૂરી જાણ કરવાની વિનંતી સાથે.
- વેબ માસ્ટર સરકારની વેબસાઇટ / જી.આર.બુકમાં મુકવાની વિનંતી સાથે.
- વિભાગના તમામ અધિકારીઓ / શાખાઓ
- પસંદગી ફાઇલ ગ.પ-શાખા

---

- પત્ર દ્વારા

નં. ડીઆરડીઓ/ડ૦/૫૫/ ૩૯૩૮
તા. 9 JUN 2016

કચેરી તમામ શાખા તરફ

(સહી)
કાર્યાલય અધિકારી
જુનાગઢ

C:\Users\Admin\Desktop\10% reservation\THARAV5-5-16.doc

ISSUED
Initial:
Date: 9 Jun 2016